# પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કરવા જેવા સુધારા

શિક્ષણ ક્ષેત્રે કેટલાક લોકો સતત ફરિયાદ કરતા હોય છે કે, આમ ન હોવું જોઇએ કે તેમ ન હોવું જોઇએ. પણ શું હોવું જોઇએ તેની વાત બહુ ઓછા લોકો કરતા હોય છે. આવા બહુ ઓછા લોકોમાંથી અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના કાચરોલ ગામના શિક્ષકશ્રી મુકેશ પટેલનો પત્ર મળ્યો. તેમણે પ્રાથમિક શિક્ષણ માટે માત્ર સમસ્યાઓ જ નહીં પણ જે તે સમસ્યા માટે સૂચવેલા ઉપાયો સરકાર અને સમાજ બંનેને માર્ગદર્શકરૂપ બની શકે તેમ છે. આવા ઉપાયો કે સૂચનો આમ તો ઘણાં શિક્ષકો કે શિક્ષણવિદ્દો પાસે હશે પણ તેઓ તે ઉપાયો કે સૂચનો માત્ર તેમના સુધી જ સિમિત રાખે છે. હકીકતમાં દરેક શિક્ષણ પ્રેમીને શિક્ષણ ક્ષેત્રે કોઇ સમસ્યા જણાતી હોય તો તે સમસ્યા સાથે તેનો ઉપાય વિચારીને સરકારના જે તે વિભાગને માત્ર એક પોસ્ટકાર્ડ દ્વારા પહોંચાડવામાં આવે તો તેના પર અવશ્ય વિચારણા થાય છે તેવા મારા એક નહીં પણ અનેક અનુભવો છે.

પ્રાથમિક શિક્ષણની સૌથી મોટી સમસ્યા એ છે કે, બાળકો શાળામાં નિયમિત જતાં નથી. આ સમસ્યાને દૂર કરવા સરકારશ્રીએ એવી નીતિ ઘડવી જોઇએ કે, જે વાલીના બાળક શાળાએ જવા લાયક હોય અને શાળામાં પ્રવેશ લીધો ન હોય તો તેવા વાલીને સરકારની ચોક્કસ યોજનાનો લાભ ન મળે. ઉપરાંત શાળામાં પ્રવેશ લીધા બાદ બાળકની ૮૦ ટકા હાજરી છે તેવું પ્રમાણપત્ર આચાર્ય આપે તો જ તે વાલીને સરકારની માસિક યોજનાનો લાભ આપવો. દા.ત. સસ્તા અનાજની દુકાનેથી. ઉપરાંત વાર્ષિક હાજરીના પ્રમાણપત્રને આધારે જ અમુક યોજનાનો લાભ મળે. અહીં આચાર્ય નિષ્ઠાપૂર્વક કામ કરશે અને વાલીને સમજાવશે પણ ખરા કે તમારા બાળકને નિયમિત પણે શાળામાં મોકલો.

દરેક પ્રાથમિક શાળામાં વાલી મીટીંગ નિયમિત પણે થાય તે માટે સરકારશ્રીએ શિક્ષકોને પ્રોત્સાહન આપી ચોક્કસ નીતિ ઘડવી જોઇએ. અત્યારે બાળ મજૂરી પર નિષેધ છે જ. જેની જવાબદારી કેટલાક અંશે શાળા પર છોડવામાં આવેલ છે. પણ તેનો અમલ માત્ર કાગળ પર હોય તેવું લાગે છે. કારણ કે, શિક્ષકો કે આચાર્ય ગામના સમાજ સાથે સંકળાયેલ હોવાથી તેઓ વાલી સામે કોઇ પગલા લઇ શકતાં નથી. જેથી સરકારશ્રીના દબાણને કારણે માહિતી માત્ર કાગળ પર જ બતાવવામાં આવે છે. આ સમસ્યા નિવારવા ખાનગી એજન્સીને કેટલીક જવાબદારી સોંપી, વાલી પર દબાણ ઊભું કરી શકાય.

પ્રાથમિક શાળાના શિક્ષકોને શૈક્ષણિક કાર્ય ઉપરાંત અન્ય સરકારી કે સામાજિક કાર્ય અવારનવાર સોંપવામાં આવે છે. જેના કારણે શૈક્ષણિકકાર્ય તો બગડે જ છે, સાથે સાથે શિક્ષકો માસિક તનાવમાં રહે છે. એટલું જ નહીં શાળામાં કારકૂની કામ કરવા માટે અન્ય કોઇ વ્યક્તિ હોતી નથી અને સરકાર તરફથી વારંવાર ઘણીબધી માહિતી માંગવામાં આવે છે. જે માહિતી એકઠી કરીને ચોક્કસ ફોરમેટમાં આપવામાં જ શિક્ષકોનો ઘણો ઘણો સમય બગડે છે. જેની અસર શૈક્ષણિકકાર્ય પર થાય જ છે. જેના ઉપાય રૂપે શાળાઓના જૂથ બનાવીને ક્લાર્કની નિમણૂંક કરી શકાય અથવા તો સરકારી આંકડા એકઠા કરવા કે માહિતી એકત્રીકરણ માટે જે તે ગામમાં ગ્રેજ્યુએટ થયેલ નવયુવાનોની મદદ લઇ શકાય. એમ કરતાં નવયુવાનોને અનુભવ સાથે રોજગારી પણ મળશે. ક્યારેક ચોક્કસ કામની જવાબદારી શિક્ષકને સોંપવામાં આવે, પણ કામ લેવાનું યુવાનો પાસેથી એમ પણ કરી શકાય. વડોદરા જિલ્લાના એક શિક્ષકનું તો કહેવું છે કે,સરકારે એક સંશોધન કરવા જેવું છે કે, પ્રાથમિક શાળામાં આવક-જાવક રજિસ્ટરની તપાસણી કરવામાં આવે અને તેને આધારે નક્કી કરવામાં આવે

કે, સરકાર તરફથી કેટલી માહિતી માંગવામાં આવી છે અને તે માટે શિક્ષકનો કેટલો સમય વપરાયેલો છે. તો પણ ખ્યાલ આવશે કે શિક્ષક પક્ષે શૈક્ષણિકકાર્ય કરવા માટે કેટલો સમય બચે છે.

શાળામાં વિષય શિક્ષણ એટલે કે વાંચન-લેખન-ગણન પર વધુ ભાર આપવામાં આવે છે. તેની સાથે મૂલ્યશિક્ષણ પર જે ભાર અપાવો જોઇએ તે નથી અપાતો. ત્યારે શિક્ષકો મૂલ્યશિક્ષણ તરફ વળે તે માટેના પ્રય્તનો થવા જોઇએ. એટલું જ નહીં શિક્ષકોની તાલીમમાં પણ મૂલ્યો તરફ વધુ ઝોક આપવો જોઇએ.

પ્રાથમિક શાળામાં વ્યાખ્યાન પદ્ધતિ કારગત ન જ નીવડે, નાના બાળકોની ભૂલો વધારે અને જુદીજુદી હોય છે. ધો.૧-૨માં તો શિક્ષકે બાળકે ક્યારેક ખોળામાં બેસાડીને પણ શીખવવું પડે છે, ટૂંકમાં પ્રા.શા.માં વ્યક્તિગત શિક્ષણ આપવું પડે છે. ત્યારે એક શિક્ષક સામે વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણસર હોવી જોઇએ.

ગુજરાત રાજ્યમાં તમામ પ્રાથમિક શાળાનો સમય એક સમાન છે. એટલું જનહીં રિસેસનો સમય પણ સમાન જ છે. જેમાં એકસૂત્રતા જોવા મળે છે. પણ આ એક સૂત્રતા ક્યારેક શિક્ષણ વિરોધી પણ બને છે. દા.ત. શાળામાં પ્રથમ ૨૦ મિનિટની રિસેસનો સમય ૧૨.૪૫નો છે. ગામડાંમાં ગ્રામજનો ખેતી કે અન્ય મજૂરીનું કામ કરીને લગભગ બાર વાગ્યા આસપાસ ઘેર આવે છે. ત્યારે બાળક પ્રથમ રિસેસમાં ઘેર જઇને જમીને આવે તો વીસના બદલે ત્રીસ-ચાલીસ મિનિટ જેટલો સમય લાગે જ. જેથી બાળક પહેલી રિસેસમાં ઘેરથી મોડું જ આવે છે. બીજી રિસેસ પિસ્તાલીસ મિનિટની બે વાગે પડે છે. જેમાં બાળકો રમતાં જ હોય છે. જેથી પ્રથમ રિસેસનો સમય વધારવાની જરૂર છે અને બીજી રીસેસનો સમય વધારવાની જરૂર છે. આ ઉપરાંત શાળાનો સમય કે રિસેસનો સમય સ્થાનિક વાતાવરણને અનુરૂપ રાખવાની સ્વતંત્રતા હોવી જોઇએ. જેનો નિર્ણય આચાર્ય અને ગ્રામશિક્ષણ સમિતિ પર છોડી દેવો જોઇએ.

ગુજરાતનું નામાંકિત સામયિક “આદિત્ય કિરણ”ના માર્ચ માસના અંકમાં પણ પ્રાથમિક શિક્ષણ માટે જ વાત કરવામાં આવી છે. તેમાં શ્રી રણછોડ શાહનું સૂચન છે કે, આજે મોટાભાગે શિક્ષકો તાલુકા કક્ષાએ જ રહે છે. તેઓ જે ગામમાં નોકરી કરે છે ત્યાં રહેતા નથી. માત્ર નોકરી કરવાના સમયે જ શાળામાં જાય છે. જેથી તેમને ગામની પરિસ્થિતિનો અહેસાસ થતો નથી અને વાલી સંપર્ક બિલકૂલ હોતો નથી. જે પ્રા.શિક્ષણ માટે યોગ્ય નથી. બીજા એક લેખકના મતે પ્રા.શિક્ષણ એટલે કે જાણે શિક્ષણની પ્રયોગ શાળા. જેમાં વારંવાર નીતિઓ બદલવામાં આવે છે. એક નીતિની અસર જાણી પણ ન શક્યા હોય અને ત્યાં નીતિ બદલવામાં આવે છે. ઉપરાંત નીતિ ઘડનારા અને નીતિનો અમલ કરનારા વચ્ચે કોઇ સંકલન નથી. તો વળી આઇ.પી.એસ. શ્રી હસમુખ પટેલના મતે શિક્ષણતંત્ર અપેક્ષા મુજબ કામ કરે તે માટે નિયંત્રણતંત્ર સુદૃઢ બનાવવાની જરૂર છે. એમની વાત સંપૂર્ણ સાચી છે. આજે ખાનગી શાળાઓમાં શિક્ષકોને ઓછો પગાર મળે છે, પૂરતી લાયકાત ધરાવતા શિક્ષકો નથી, છતાં ત્યાં શિક્ષણનું સ્તર ઊંચું છે. તો વી સરકારી શાળામાં ઊંચી લાયકાત અને પગાર ધરાવનાર શિક્ષકો હોવા છતાં શિક્ષણનું સ્તર નીચું છે. કારણ સરકારી શાળાનું મેનેજમેન્ટ નબળું છે. આ ઉપરાંત આ સામાયિકના તંત્રી શ્રી હર્ષદ પટેલે તો પ્રાથમિક શિક્ષણ અંગે ખૂબ જ છણાવટ સાથે લખ્યું છે કે, શાળામાં શિક્ષકો નિયમિત પણે આવે એટલું જ જરૂરી નથી, પૂરતો સમય વર્ગખંડમાં રોકાય તે પણ જરૂરી છે.. સાથે ચિત્ર-સંગીત કે વ્યાયામના શિક્ષણ માટે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આપવામાં આવતા લાભો લઇને જે તે વિષયના શિક્ષકોની નિમણૂંકો કરવી જોઇએ.  સાથે તેમનું કહેવું છે કે, પ્રા.શિક્ષણની ગુણવત્તા અંગે બહાર પડતાં અહેવાલો અર્ધસત્ય હોય છે. જેથી આવા અહેવાલોથી સમાજ અને સરકારે કોઇ નિર્ણય ન લેતાં પ્રા.શાળામાં કામ કરતાં શિક્ષકોના વિચારો કે માન્યતાને વધારે પ્રાધાન્ય આપવું જોઇએ.